દાંતીવાડા તાલુકામાં નરેગાના કામોમાં વિકાસના નામે ભ્રષ્ટાચાર

દાંતીવાડા, તા.૨૮

દાંતીવાડા તાલુકામાં નરેગા યોજનામાં થઈ રહેલા કામોમાં મજુરો દ્વારા કરાવવાના કામો જેસીબી, ટ્રેકટર જેવા સાધનો મારફતે ફરી ગરીબોની રોજી રોટી છીનવતા અધિકારીઓ તેમજ કોન્ટ્રાકટરો.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા તાલુકાના ઘણા ગામોમાં ગ્રામ પંચાયત સરપંચો દ્વારા પોતાના મળતી માહિતી મુજબ તાલુકાના અનેક ગામોમાં માટી કામ તેમજ મેટલ કામોના રસ્તાઓના કામો ગામોમાં મેટલ કામ કરી રસ્તાઓ બનાવવાની માગણીઓ કરાતા તાલુકા પંચાયત દ્વારા ફાળવવામાં આવેલા છે જે કામોની જવાબદારીઓ તલાટી તેમજ સરપંચોના સરે હોય છે અને નરેગાના તમામ કામો જોબકાર્ડ ધરાવતા લાભાર્થીઓ દ્વારા કરાવવાના હોય છે જેથી કરી ગરીબોને રોજી રોટી મળે પરંતુ સરપંચો પોતાની કુટુંબીજનોના તેમજ સગા સંબંધીઓના જોબકાર્ડ ભરી વાહનો દ્વારા કામ કરાવી લે છે અને મેટલ કામમાં થોડી ઘણી મેટલ નાખી દેખવા પૂરતા છબરડા કરી રસ્તાઓના કામ કરી રહ્યા છે અને ભ્રષ્ટાચાર આચરી મસ મોટી રકમો ઘર ભેગી કરી રહ્યા છે. આ બાબતે કામોની ફોટો કોપીઓ તેમજ અન્ય માહિતીઓ એનઆરજી વેબસાઈટો પર અપલોડ કરી દેવાય છે. પરંતુ એ નથી જોવાતું કે કામ કેવું થઈ રહ્યું છે, દાંતીવાડા તાલુકાના જેગોલ ગામે હાલમાં થઈ રહેલા રસ્તાના કામમાં ગેરરીતી હોવા છતાં જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કેમ કરી રહ્યા છે? કે પછી બધું તેમની રહેમ નજરે જ થઈ રહ્યું છે? ગેરરીતી થી થતા કામોમાં જવાબદાર અધિકારો શું સ્થળની મુલાકાત લઈ કાયદેસર પગલા લેશે કે કેમ કે પછી તે કામોના પેમેન્ટ દેખ્યા વગર જ કરી દેવાશે અને સરકારી નાણા વિકાસની મોટી વાતોના નામે કોન્ટ્રાકટરો અને સંબંધિત અધિકારોના ખીસે જશે! અને લોકોની આંખોમા ધૂળ નાંખવામાં આવશે!

ગામડાઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર કટીબધ્ધ : લીલાધરભાઈ વાઘેલા

ડીસા, તા.૨૮

મહા શિવરાત્રીના પાવન પર્વે ડીસા તાલુકાના રામપુર ઠાકોરવાસ (સાવિયાણા) ગામે રૂ. ૨૭,૩૫,૩૪૨ના ખર્ચે થયેલ વિકાસ કામોનું લોકાર્પણ અને રૂ. ૪૯,૬૫,૦૦૦ના ખર્ચે આકાર પામનાર વિવિધ કામોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. જેને લઈને ગામ લોકોમાં હર્ષના ઘોડાપુર ઉમટયા હતા.

આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય અને રાજયમંત્રી લીલાધરભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને આયોજીત સમારોહને પાટણ જિલ્લા પંચાયત પ્રમુખ મોહનભાઈ પટેલે દિપ પ્રગટાવી ખૂલ્લો મૂકયો હતો. બાદમાં ગામમાં નવીન બનેલ આંગણવાડી કેન્દ્ર, પ્રા. શાળામાં પાણીની ટાંકી, મ.ભો.યો.રૂમ, સી.સી. રોડ, આંગણવાડી દિવાલ, વોટર વર્કસ રૂમ, પ્રા. શાળામાં સેનીટેશન બ્લોકનું લોકાર્પણ અને હવે પછી થનાર રાજીવ ગાંધી ભવન ગામ વાટીકા સહિતના વિવિધ કામોનું ખાતમુહુર્ત કરાયું હતું. બાદમાં મહેમાનોના સ્વાગત અને જમીન દાતા તથા ગામમાં નવી ભરતી થયેલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ગામના સર્વાંગી વિકાસ માટે ખડેપગે રહેતા અને આગવી આવડત અને સુઝબુઝથી ગામમાં વિકાસ કામોની સાચા અર્થમાં વણથંભી ફ્રૂચ કરનારા ઉત્સાહી સરપંચ રસિકજી ઠાકોરે ગામના વિકાસની આછેરી ઝલક રજૂ કરી હતી. જેમની જહેમતને ઉપસ્થિત આગેવાનો અને ગામલોકોએ મુકત કંઠે બિરદાવી તેમને પ્રજાના સાચા પ્રતિનિધિ ગણાવ્યા હતા. બાદમાં રાજયમંત્રી લીલાધરભાઈ વાઘેલા જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ગામડાઓના સર્વાંગી વિકાસ માટે અવનવી યોજનાઓ હેઠલ ઉદાર દિલે ગ્રાન્ટો ફાળવે છે. તેનો મહત્તમ લાભ ઉઠાવવાનો અનુરોધ કર્યો હતો. અન્ય મહાનુભાવોએ પણ પ્રાસંગિક પ્રવચનમાં સાવિયાણા સરપંચ રસિકજી ઠાકોરની સક્રિયતા ઉપરથી બોધપાઠ લઈ ગામડાઓને સાચા અર્થમાં ગોકુળીયા બનાવવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે દિનેશભાઈ અનાવાડીયા, કીર્તિસિંહ વાઘેલા, માતમજી ઠાકોર, શ્રીમતી આરતીબેન દવે, ભારતસિંહ ભટેસરીયા, દિનેશભાઈ દવે તથા સામજી સોલંકી અને અતિથિ વિશેષ પદે તેજાભાઈ રબારી, શારદાબેન પટેલ, બનુભા જાદવ, મહારજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં આગેવાનો, સરપંચો ડેલિગેટ અને ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. ગામ લોકોએ પણ મોટી સંખ્યામાં હાજર રહી ગામના અવસરને દિપાવ્યો હતો.

ડીસામાં ચાણકય સેવા સમિતિ દ્વારા વિશાળ બ્રાહ્મણ સંમેલન યોજાયું

પાલનપુર, તા.૨૮

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા ખાતે આજે મહાશિવરાત્રિના પાવન પર્વે સમસ્ત બ્રહ્મ સમાજ ચાણકય સર્વ કાર્ય સમિતિના ઉપક્રમે બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ગણપતભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને શહેરના તમામ ગોળના બ્રાહ્મણોનું એક વિશાળ સંમેલન યોજાયું હતું.

સંમેલનમાં પ્રારંભે સમસ્ત બ્રહ્મસમાજના પ્રદેશ અધ્યક્ષ શૈલેષભાઈ જોષીએ રાજયભરમાં કાર્યરત બ્રહ્મસમાજના સંગઠનોનો ખ્યાલ આપી રાજયના પાટનગર નજીક પરશુરામ ધામના નિર્માણ અંગે માહિતી આપી હતી. જયારે સંમેલનમાં ઉપસ્થિત તમામ જ્ઞાતિબંધુઓએ પોતાના બ્લડ ગ્રૂપની નોંધ કરાવી માહિતી આપી હતી. જેથી જરૂરતમંદ બ્રાહ્મણ દર્દીઓને તત્કાલ લોહી પહોંચાડી શકાય તેવું શ્રેષ્ઠ આયોજન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

આ પ્રસંગે બ્રહ્મસમાજના અગ્રણી ડામરાજી રાજગોર, હરગોવિંદભાઈ શિરવાડિયા, કનુભાઈ વ્યાસ, દયારામભાઈ એડવોકેટ, શશીકાન્તભાઈ, રાજેન્દ્રભાઈ જોષી, પી.વી. રાજગોર, શકુંતલાબેન રાવલ, જયંતિભાઈ જોષી, નવુભાઈ, દશરથભાઈ રાજગોર, ચેતનભાઈ ત્રિવેદી, રાજુભાઈ પુરોહીત સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

ભિલોડા આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા મામલતદારને આવેદનપત્ર અયાયું

ભિલોડા, તા.૨૮

ભિલોડા આમ આદમી પાર્ટીના કાર્યકરો ધ્વારા મામલતદારને આવેદનપત્ર અયાયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા આમ આદમી પાર્ટીના કાર્યકરો ધ્વારા તાલુકાના પ્રજાજનોને લોકહિત કાર્યમાં પડતી મુશ્કેલી બાબતે ભિલોડા મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ભિલોડા આમ આદમી પાર્ટીના કાર્યકર મુકેશભાઈ પટેલના જણાવ્યા મુજબ બી.પી.એલ. કાર્ડ ધારક પિતાનો પુત્ર અલગ થાય થાય ત્યારે નવું એ.પી.એલ. કાર્ડ નીકળે છે તો જોગવાઈ પ્રમાણે બી.પી.એલ.કાર્ડ કાઢવું, ભિલોડામાં ગટરનું કામકાજ અધુરૂ અને ઘણા સમયથી બંધ છે જે ચાલું કરવામાં આવે જેથી પ્રજાજનોને ચોખ્ખુ પીવાનું પાણી મળી રહે, વરસાદને કારણે રસ્તાઓ ધોવાઈ જાય છે જે રસ્તાઓની સમયસર મરામત થતી નથી જેના લીધે માર્ગ અકસ્માતની શક્યતાઓ વધી જાય છે.

રસ્તાઓનું સમારકામ કરી માર્ગ અકસ્માત ન થાય તેમજ વાહન ચાલકો તેમજ રાહદારીઓને પડતી મુશ્કેલીઓ દુર થાય, ભિલોડા તાલુકામાં મેશ્વો અને હાથમતી એમ બે ડેમ આવેલા હોવા છતાં ડેમની જમીનનો ભોગ બનનાર તાલુકાના ખેડુતો હોવા છતાં આ ડેમનું પાણી અન્ય તાલુકાઓને આપવામાં આવે છે એટલે કે દિવા તળે અંધારૂ જેવી સ્થિતી ઉભી થવા પામી છે. જેથી સરકારની સુજલામ સુફલામ યોજના અંતર્ગત આ ડેમોનુ પાણીનો લાભ સ્થાનિક ખેડુતોને આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. ભિલોડા તાલુકાના પ્રજાજનો, વિદ્યાર્થીઓને આવકના,જાતીના દાખલા તેમજ આધાર કાર્ડ માટે લાઈનો લગાવવી પડે છે તો સમયનો બચાવ થાય તે રીતે ઘટતી કાર્યવાહી કરી યોગ્ય વ્યવસ્થા ગોઠવવા જણાવાયું હતું.

ભિલોડા તાલુકાના પ્રજાજનોના વિકાસના કામોમાં જેવા કે,રસ્તા,રોડમાં ઢેબરેબ ધ્વારા ગુણવત્તાનુંપ્રમાણ જળવાઈ રહે તે માટે જણાવાયું હતું. ગરીબ ખેડુતો તેમજ બી.પી.એલ.લાભાર્થીઓને સરકાર તરફથી ખેતી માટે કીટો જેવી કે યુરીયા,ડી.એ.પી. જેવા ખાતરો મળે છે વાવણી પહેલાં સમયસર આપવામાંઆવે જેથી ખેડુત સમયસર વાવણી કરી શકેતેમ જણાવાયું હતું. આ કાર્યક્રમમાં ભિલોડા આમઆદમીના કાર્યકર મુકેશભાઈ પટેલ, ડી.બી.ડામોર, ગીરીશભાઈ પંચાલ, મીરાબેન ડામોર સહિત અનેક કાર્યકરો જોડાયા હતા.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની ઉત્તરે ભીમનાથ મહાદેવ તથા દક્ષિણે નીલકંઠ મહાદેવના પ્રાચીન મંદિર આવેલ છે. ભિમાક્ષીના તીરે વસતા ભીમનાથ મહાદેવની શોભાયાત્રા ભજન, સત્સંગ તથા ભાંગની પ્રસાદી બનાવવામાં આવી હતી. જયારે નિલકંઠ મહાદેવમાં રબડીનો પ્રસાદ, ચાર પ્રહરની પૂજા, બિલિપત્ર, પુષ્પ અર્પણ કરી ભોળાનાથના ભકતો શિવલીલાને માણી રાતભર જાગરણ કરી અર્ઘ્ય આપી હર હર મહાદેવનો નાદ ગુંજયો હતો. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

સુપ્રસિદ્ધ યાત્રાધામ કટાવથી આજે બનાસકાંઠા જિલ્લા ભાજપ યોજીત બનાસયાત્રાનો પ્રારંભ

બનાસકાંઠા, તા. ૨૮

'આપણા નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવીયે' એ સંકલ્પ સાથે બનાસકાંઠા જિલ્લા ભાજપ આયોજીત બનાસયાત્રાનો આજે પૂ. ખાખીજી મહારાજની તપોભૂમિ એવા કટાવ ધામથી શુભારંભ થશે. આજે સવારે ૯.૦૦ કલાકે પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરી યાત્રાને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવશે.

આજની યાત્રા ૧૨.૦૦ વાગે ભાભર શહેર, બપોરે ૨.૦૦ વાગે તેરવાડા, ૩.૩૦ વાગે માનપુર (ઉણ), સાંજે ૫.૦૦ વાગે થરા શહેર, ૬.૩૦ વાગે વડા અને રાત્રે ૮.૦૦ વાગે શિહોરી પહોંચી રાત્રી રોકાણ કરશે. યાત્રાના રૂટ દરમ્યાન વિવિધ ગામોએ યાત્રાનું સ્વાગત થશે. જ્યારે યુવા મોરચા દ્વારા બાઈક રેલીથી યાત્રાનું સ્વાગત થશે.

ધનસુરા ચોકડી પાસે ટ્રકની ટક્કરે બે બાઈકસવાર યુવાનના મોત

ચાર બહેનોના લાડકવાયા ભાઈના મૃત્યુથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું

ધનસુરા, તા. ૨૮

ધનસુરા-માલપુર માર્ગ પર માલપુર ચોકડી પાસે ગત રોજ સાંજના સમયે બાઈક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે બાઈક સવાર યુવાનના કરૂણ મોત નિપજયા હતા. આ અકસ્માત અંગે ધનસુરા પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ધનસુરા માલપુર માર્ગ પર અણિયોર પાસે આવેલ શક્તિનગરના બે યુવાનો પોતાના બાઈક પર ધનસુરા તરફ આવી રહ્યા હતા. દરમિયાન ધનસુરાથી બાયડ તરફ જતી ટ્રક નં. આર.જે.૩૨-જીબી-૨૧૬૯ એ માલપુર ચોકડી પાસે બાઈકને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક બાઈક સવાર યુવાન જગદીશભાઈ નરપતભાઈ તડવી (ઉ.વ.૨૦)નું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. જ્યારે રમેશભાઈ કાન્તીભાઈ વસાવા (ઉ.વ.૨૧) ને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ધનસુરા રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો અને બાદમાં મોડાસાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવાનનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયુ હતું. અકસ્માત અંગે ધનસુરા પોલીસને જાણ થતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સખવાણીયા બેઠક પર ભાભાનો ભગવો લહેરાયો

મુલોજ, તા.૨૮

માલપુર તાલુકાની સખવાણીયા તાલુકા પંચાયતની ખાલી પડેલ બેઠક માટે ગત તા. ૨૩-૨-૨૦૧૪ના રોજ યોજાયેલી ચૂંટણીના જાહેર થયેલા પરિણામમાં ભાજપના ઉમેદવાર સોમાજી ખાંટની જીત થવા પામી હતી. આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધો જંગ હતો જેમાં કોંગ્રેસના ઉમેદવાર કરતા ભાજપના ઉમેદવાર સોમાજી ખાંટને ૪૧ મત મધુ મળતા તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

મોડાસાના પ્રાંત ઓફીસરનો વિદાય સમારંભ યોજાયો

ધનસુરા, તા. ૨૮

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા આયોજિત પ્રેમજાળ નાટકના શો દરમ્યાન જિંદાદીલ, યુવાન અને લોકહિતના કાર્યો કરનાર લોકચાહિતા પ્રાંત ઓફીસરનો વિદાય સમારંભ યોજાયો હતો.

આ સમારંભના પ્રારંભમાં સુભાષભાઈ શાહે પ્રાંત ઓફીસર એચ.એન. જાડેજા વિશે અને તેમની કામ કરવાની પદ્ધતિ વિશે નોંધપાત્ર વાત કરી. તેમજ મોડાસાને અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક મળે તે માટે જાડેજાનું માર્ગદર્શન અને મદદ મળી હતી તેનો ઉલ્લેખ કરીને જાડેજા મોડાસા માટે કેટલા નસીબદાર હતા તે દર્શાવ્યું હતું. ત્યાર બાદ મંડળના પ્રમુખ ડો. અરૂણભાઈ એન. શાહે મોડાસા નગરમાંથી વિદાય લેતા અને ગોંડલ મુકામે ચાર્જ સંભાળનાર નાયબ કલેક્ટર જાડેજાનું શાલ અર્પણ કરી, બુકે તથા શ્રીફળ આપી સ્વાગત તેમજ સન્માન કર્યું હતું.

આ નાટકના શો દરમ્યાન કોલેજનો ભા.મા. શાહ ઓડીટોરીયમ હોલ એક હજારથી પણ વધુ ઓડીયન્સથી ખિચોખીચ ભરાયેલો હતો. તે સૌએ આ સન્માનને તાળીઓના અવાજથી ગુંજતું કરી દીધું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સંતોષ દેવકરે પોતાની આગવી શૈલીમાં કર્યું હતું. આ પ્રસંગે મોડાસા નગરના શ્રેષ્ઠીઓ, મંડળના હોદ્દેદારો, વિવિધ કેળવણી મંડળના પ્રમુખો, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યાઓ તથા અધ્યાપકો, નગરના ખ્યાતનામ ડૉક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહેન્દ્રભાઈ મામા, ડૉ. ઘનશ્યામભાઈ શાહ, સુરેન્દ્રભાઈ શાહ, નીલેશભાઈ જોશી, ડૉ. એચ.ડી. શાહ, ડૉ. કંદર્પ પ્રજાપતી, ડૉ. અશોક શ્રોફ, વિનોદભાઈ શાહ, હર્ષદભાઈ જોષી, સુરેશભાઈ ત્રીવેદી વગેરે નગરના નામાંકિત કર્મશીલો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી એચ.એન. જાડેજાને સૌએ ભારે હૃદયે વિદાય અને શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. અરૂણભાઈ તેઓ મોડાસામાં પુનઃ કલેક્ટર બનીને અરવલ્લી જિલ્લામાં આવે તેવી શુભેચ્છા પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો.

કાંકરેજની માનપુર (શિ) પ્રા. શાળામાં તિથિ ભોજન અપાયું

કાંકરેજ, તા. ૨૮

કાંકરેજ તાલુકાના માનપુર(શિ) પ્રાથમિક શાળામાં સ્વ. લાલજીભાઈ ગંગારામભાઈ આચાર્યના સ્મરણાર્થે શાળાના તમામ બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. તિથિ ભોજનના દાતા થરાના આચાર્ય પરિવાર હતુ. આ કાર્યક્રમમાં માતપુર(શિ) ગ્રામ પંચાયતના સરપંચ અને ગામના આગેવાનો તેમજ શાળા પરિવારના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

યુપીએસસી-જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ચારુતર વિદ્યામંડળ ૨૯ માર્ચે યોજશે 'નવોન્મેષ'

સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના હસ્તે નવા ઉપક્રમનું ઉદ્‌ઘાટન

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૮

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત એચ.એમ. પટેલ કરિયર ડેવલપમેન્ટ સેન્ટર (સીડીસી) અને સીવીએમ આઈએએસ એકેડેમીના ઉપક્રમે યુપીએસસી અને જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉત્સુક વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટેની 'નવોન્મેષ' શ્રેણીનો શુભારંભ આગામી ૨૯ માર્ચે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના શુભહસ્તે કરાશે. ગુજરાત સરકારના નિવૃત્ત મુખ્ય સચિવ શ્રી પ્રવીણ ક. લહેરીના મુખ્ય અતિથિપદે બીવીએમ ઑડિટોરિયમ ખાતે આખા દિવસનો અભિમુખતા કાર્યક્રમ યોજાશે.

સીડીસી અને આઈએએસ એકેડેમીના નિયામક ડૉ. હરિ દેસાઈએ કહ્યું હતું કે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. પટેલની અપેક્ષા છે કે વધુમાં વધુ વિદ્યાર્થીઓને આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મળે તે માટે જરૂરી માર્ગદર્શન અને તાલીમ અપાય. 'નવોન્મેષ' અન્વયે આ દિશામાં અભિમુખતા, સ્પર્ધાત્મકતા અને ક્ષમતાના વિકાસ માટે સમયાંતરે અનુભવી અને નવા સેવારત સરકારી અધિકારીઓ તેમજ માર્ગદર્શકોને નિમંત્રીને યુવાપેઢીમાં જાગૃતિ લાવવાના નવતર પ્રયાસ આરંભવાનું નક્કી કરાયું છે.

'નવોન્મેષ'ના શુભારંભ નિમિત્તે ૨૯ માર્ચે સવારના ૧૦ થી સાંજના ૫ કલાક દરમિયાન વિવિધ સત્રો યોજાશે. અગાઉથી સીડીસી-આઈએએસ એકેડેમીમાં 'વહેલો તે પહેલો'ના ધોરણે નોંધાયેલાં વિદ્યાર્થીઓ 'નવોન્મેષ'માં સહભાગી થઈ શકશે, એવું આયોજક સંસ્થાના નિયામક ડૉ. હરિ દેસાઈએ જણાવ્યું હતું.

'નવોન્મેષ'ના ૨૯ માર્ચનાં વિવિધ સત્રોમાં ગુજરાત સરકારની સરદાર પટેલ વહીવટી સંસ્થા-સ્પીપાના આઈએએસ તાલીમ કેન્દ્રના નાયબ નિયામક રહેલા શ્રી જે.એમ. આચાર્ય નવા આઈએએસ-આઈપીએસ અધિકારીઓની પેનલ સાથે ઉપસ્થિત રહીને સહભાગીઓના પ્રશ્નોના ઉત્તર આપશે. ઉપરાંત ગુજરાત અને મુંબઈના મુખ્ય કસ્ટમ કલેક્ટર રહેલા શ્રી બકુલ બક્ષી, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ રહેલા ડૉ. નરેશ વેદ, જાણીતા સમાજશાસ્ત્રી અને સ્પીપા આઈએએસ કેન્દ્રના મુલાકાતી અધ્યાપક ડૉ. ગૌરાંગ જાની, ગુજરાત સરકારના સ્ટેમ્પ ડ્યૂટના અધિક કલેક્ટર શ્રી રમેશ મેરજા, ખેડા જિલ્લાના અધિક કલેક્ટર શ્રી એસ.કે. લાંગા અને આણંદના પ્રાંત અધિકારી શ્રી ભરત પટેલ સહિતના ગેસ કેડરના અધિકારીઓ પ્રતિભાગીઓનું માર્ગદર્શન કરશે.

સરકારી અધિકારીઓ સાથે પ્રશ્નોત્તરીના સત્રના અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી શ્રી વી.એમ. પટેલ અને બ્રેઈનસ્ટોર્મિંગ સત્રના અધ્યક્ષસ્થાને સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ અને સમાપન સત્રના અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ રહેશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન